# દાનવીર

- ઉમાકાન્ત મહેતા

નગીનદાસ શેઠ અને સફળતા એકબીજાનાં પર્યાયરૂપ બની ગયાં હતાં. જ્યાં નગીનદાસ શેઠ હોય ત્યાં સફળતા હોય અને જ્યાં સફળતા હોય ત્યાં નગીનદાસ શેઠ હોય. સફળતા નગીનદાસ શેઠની પાછળ પડી હતી કે નગીનદાસ શેઠ સફળતાની પાછળ પડ્યા હતા તેની કોઈને ખબર નહોતી. જે જે ઉદ્યોગ-ધંધામાં તેમણે પદાર્પણ કર્યું હોય, ત્યાં તેમને પગલે સફળતા આવી જ હોય. જેમ નાનું બાળક વડીલની આંગળી પકડી ચાલતાં શીખે તેમ કોઈપણ માંદો ઉદ્યોગ નગીનદાસ શેઠ હાથમાં લે એટલે સફળતા તેમની આંગળી પકડે, અને માંદો ઉદ્યોગ નગીનદાસ શેઠની આંગળી પકડી ઊભો થઈ દોડવા લાગે.

નગીનદાસ શેઠ એક ધંધામાં પલાંઠીવાળી બેસી રહે તેવા નહોતા. અરે !તેમને બેસી રહેવું હોય તો પણ લોકો તેમને બેસવા દે તેમ નહોતા. માંદગીગ્રસ્ત નાના ઉદ્યોગપતિઓ તેમનો હાથ પકડવા અને તેમના ભાગીદાર બનવા માટે તમના ત્યાં લાઈન લગાવતા. આનું કારણ તેમની કોઠાસૂઝ, સમજ અને ઈમાનદારી હતાં. સૌને શ્રધ્ધા અને વિશ્વાસ હતાં કે નગીનદાસ શેઠ નિષ્ફળ જવાના નથી. તેમના ધંધામાંનું રોકાણ સોનાની સો ટચની લગડી સમાન શુદ્ધ છે અને તે રોકાણ ભવિષ્યમાં બેવડું થઈને પાછું મળશે.

નગીનદાસ શેઠ ભગવાનભીરુ હતા, એટલે કે ભગવાનથી ડરનારા હતા. તેમના ઉદ્યોગો પણ ભગવાનના નામ ઉપર આધારિત હતા; જેવા કે 'ચતુર્ભુજ ઈન્ડસ્ટ્રીઝ', 'ગોપાલ કૃષ્ણ ફાયનાન્સ', કનૈયા કોમ્પ્યુટર્સ', 'જશોદા જ્વેલર્સ', 'નંદકિશોર ફાર્મસી' વગેરે વગેરે. અરે, ઉદ્યોગધંધાનાં નામ માત્ર જ નહિ, ધંધાના મૂળ માલિક જાણે કે કર્તાહર્તા ભગવાન જ હોય એમ સમજતા અને શેઠ તો ભગવાનના સેવક તરીકે જ તેનો વહીવટ કરતા!

નગીનદાસ શેઠ એક સફળ ઉદ્યોગપતિ જ નહિ, પણ એક સખાવતી સજ્જન હતા. આગ, અકસ્માત, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ, ધરતીકંપ, વાવાઝોડું, ચક્રવાત વગેરે કુદરતી હોનારતો હોય કે માનવ આધારિત કે માનવસર્જિત બૉમ્બ બ્લાસ્ટથી ઉદભવતાં સંકટો હોય; આવા દરેક સમયે તેઓ વગરમાગે સહાય કરતા. આ ઉપરાંત સામાજિક સેવાઓ જેવી કે નારી સંરક્ષણ, કન્યા કેળવણી, મુક-બધિર બાળકોની સંસ્થા, મનુષ્યો તથા પશુઓનાં ચિકિત્સાલયો, ઘરડાંઘર વગેરેમાં પણ તેમનું પ્રદાન ઓછું ન રહેતું. શહેરની કેટલીય સંસ્થાઓના તેઓ ટ્રસ્ટી હતા. જાહેર સંસ્થાઓ, જ્ઞાતિનાં મંડળો, અને સમાજસેવી તથા રાજકીય સંસ્થાઓ સાથે એક યા બીજા પ્રકારે સંકળાયેલા રહેતા; પરંતુ દરેક સંસ્થામાં તેઓ સક્રિય હિસ્સો લેતા નહિ.

શેઠ શાણા અને સમજુ માણસ હતા. પોતાના વર્ષો જૂના અનુભવથી સમજ્યા હતા કે કોઈપણ રાજકીય કે સામાજિક સંસ્થા સાથે સક્રિય જોડાઈ જવું એ ડાહ્યા માણસનું લક્ષણ નથી. રાજકીય પક્ષો કે સામાજિક સંસ્થાઓ એટલે ગંદવાડ, ઉકરડો, સત્તાની સાઠમારી, આક્ષેપો, પ્રતિ-આક્ષેપો, ગાળીગલોચ વગેરે. નગીનદાસ શેઠ તો ભગવાનના માણસ. 'પક્ષાપક્ષી ત્યાં

નહિ પરમેશ્વર' એ સિધ્ધાંતમાં માનનારા જે કોઈ આલતુફાલતુ પક્ષકાર્યકર્તાઓ કે નેતાઓ તેમની પાસે આવે અને પોતાના પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનું કહે, તો તેમને યથાયોગ્ય ફંડફાળો આપી રાજી કરીને વિનમ્રતાથી હાથ જોડીને કહેતા, 'અરે ભલા માણસ ! મારા જેવા વેપારી માણસને તમારા પક્ષમાં ભરતી કરશો તો તમારા પક્ષનું આવી જ બનશે. હું તો સામાન્ય વેપારી માણસ છું. રાજકીય આંટીઘૂંટી મને આવડે નહિ. ભાઈસાબ, મને તો રાજકારણથી દૂર જ રહેવા દેજો. '

***

= = =

શહેરથી થોડે દૂર ગરીબ લોકોની વસતિ. છૂટાછવાયાં ઝુંપડાં બાંધી રહે. પુરુષો શહેરમાં આવેલી મિલોમાં અથવા ફેક્ટરીઓમાં કામે જાય કે નાના મોટાં ધંધાની ફેરી કરે. ઘરનો પુરુષવર્ગ ધંધા રોજગાર અર્થે બહાર નીકળી ગયાબાદ શ્ત્રીઓ ઘરનું કામ આટોપે અને સીવણકામ,ભરતગૂંથણ કરે અને જેની પાસે આવો હુન્નર ન હોય કે સાવ નિરક્ષર હોય તે શહેરની આજુબાજુ આવેલી મધ્યમ વર્ગની સોસાયટીઓમાં ઘરકામ કરવા નીકળી પડે. બપોરે આ વસતિ,ઝૂંપડપટ્ટી ખાલીખમ. અપંગ કે ઘરડાં અશક્ત સ્ત્રી-પુરુષો બાળકો કે પછી ઘરમાં બેસી સીવણ સંચા ઉપર બેસી સિલાઈકામ કરતી સ્ત્રીઓ સિવાય આખી વસતિ ખાલીખમ.

આ વસતિમાં કોઈ વાદ કોમવાદ કે જ્ઞાતિવાદ નહિ. ઉચ્ચ નીચ કે આભડછેટના કોઇ ભેદભાવ નહિ. હિન્દુ, મુસ્લિમ વચ્ચે ભાઈચારો અને સ્નેહ-સંબંધ, સુખમાં કે દુઃખમાં, સારા-માઠા પ્રસંગે, વાર-તહેવારે સૌ એકબીજાની પડખે અડીખમ સગા ભાઈની જેમ ઉભા રહે. તેઓનું એક સગપણ હતું. ગરીબાઇ. ગરીબાઇ તેમની જનેતા હતી. તેમની રગોમાં ગરીબાઇનું રક્ત વહેતું હતું અને તે લોહીનો પણ એક વિશિષ્ટ રંગ ગરીબાઈનો હતો. આ ગરીબાઇએ જ તેમના સર્વ ભેદભાવ મીટાવી દીધા હતા.

***

આ વસતિમાં અબ્દુલ અને રવજી રહે. બંને શહેરની એક જ મિલમાં નોકરી કરે. અબ્દુલની બીવી અમીના સિલાઈનું કામ જાણે. તેણે ઘરમાં સીવવાનો સંચો બેન્કની લૉન લઈને વસાવ્યો હતો. સંચા ઉપર સિલાઈકામ કરીને તે અબ્દુલને મદદરૂપ થતી અને સાથોસાથ બેન્કની લોનના હપ્તા પણ નિયમિત ચૂકવતી. રવજીની પત્ની રમીલા સામાન્ય સ્ત્રી હતી. તે ઝાઝું ભણી નહોતી. તેમજ કોઈ હુન્નર પણ જાણતી ન હતી. તે શહેરની સોસાયટીઓમાં ઘરકામ કરતી અને તે રીતે રવજીની આવકમાં પોતાનો ફાળો નોંધાવતી.

વસતિની શરૂઆત રવજીના ઘરથી શરૂ થાય અને અબ્દુલના ઘરે પૂરી થાય. અબ્દુલ રોજ સવારે મિલમાં જતી વખતે સાયકલ ઉપરન ટિફીન ભરાવી ઘંટડી વગાડતો વગાડતો નીકળે અને રવજીના ઘર પાસે આવે. રવજી તેની રાહ જોતો તૈયાર જ હોય. અબ્દુલ આવે એટલે બંને જણા બીડી ફૂંકતા અને સાયકલને પેડલ મારતા મિલમાં જાય. સાંજે મિલ છૂટે ત્યારે એ જ ક્રમમાં તેઓ પાછા ફરે. રવજીને રામ-રહીમ કરી અબ્દુલ પોતાને ઘેર જાય. નાહીધોઈ નોકરીનો થાક ઉતારી શહેરની ખબરની આપ લે કરે, ગામડેથી કોઈ ખત ખબર હોય તેની વાતચીત કરે અને વાળુ કરી ખાટલામાં આરામ ફરમાવે.

***

વસતિની વચ્ચે એક વિશાળ લીમડાનું ઝાડ. ઝાડ ફરતે લીંપીંગૂંપીને એક સરસ ચોતરો બનાવ્યો હતો. રાત્રે લગભગ આઠ વાગ્યાની આસપાસ વાળુપાણી કરી રવજી ભગત હાથમાં એકતારો લઈ ચોતરે હાજર થઈ જાય અને તેમના મધમીઠા મધુર રાગે ભજનો શરૂ કરે, ત્યાં તો અબ્દુલ તેનું પેટીવાજું (હારમોનિયમ) લઈ ચોતરે હાજર થઈ જાય. ધીમે ધીમે વસતિનું લોક પણ આવવા માંડે અને પછી શરૂ થાય ગીત સંગીતની મહેફિલ. આ મહેફિલમાં કોઈ નિયમ બાધ નહિ. જેને જે આવડે તે મન મૂકીને ગાય. તેમાં ભજન હોય; ગીત, કવિતા, દોહા, ચોપાઈ, કવ્વાલી તથા ફિલ્મી ગીતો પણ હોય.

રવજી ભગત 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ' પૂરું કરે ન કરે, ત્યાં તો બીજા છેડેથી 'વીજળીના ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ' શરૂ થઈ ગયું હોય.

આ ગીતના શબ્દો શમે ન શમે, ત્યાં તો કોઈ માતા,

"કાના ઓ કાના, ક્યાં શોધું તને વ્હાલા ?
મને ના સતાવો ઓ, જશોદાના જાયા."
કરતી તેના કનૈયાને શોધતી અને પોકારતી ગાઈ ઊઠે.

તો વળી તેનો પ્રત્યુત્તર દેતી જાણે કોઈ ગોપી એકાદ ખૂણેથી ટહુકો કરે,

"નંદકુમારની ના થાય વાત.
વાત કરતાં વીતે રાત,
ખબર ના રહે થાય પરભાત,
જદુરાયની પરખાયે ન જાત."

વળી ત્યાં તો રવજી ભગત શરૂ કરે,

"મૃત્યુ લોકની માટીમાંથી માનવા કરીને ભાખ્યાં રે."

ત્યાં તો કોઈ રસિક ફિલ્મી જીવડો બીજા છેડેથી લલકારી ઊઠે,

"તું ન હિન્દુ બનેગા ન મુસલમાન બનેગા, ઇન્સાનકી ઓલાદ હૈ ઇન્સાન બનેગા."

તો વળી રહીમ ચાચા પણ ક્યાં પાછા પડે તેમ હતા. તેઓ તેમના બુલંદ સૂરે પોતાના કંઠે સૂફી શાયરી લલકારી ઊઠતા:

"યે મસ્જિદ હૈ, વો બૂતખાના,
ચાહે યે માનો ચાહે વો માનો.

મકસદ તો હૈ દિલકો સમજાના
ચાહે યે માનો ચાહે વો માનો."

આમ કરી સૌ હિંદુ-મુસ્લીમની એકતાના ગુણ ગાતાં. બીજી બાજુથી સખુબાઈ તેમના સુંદર સ્વરોમાં,

"મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે" તેમની મીઠી હલકમાં હળવા રાગે ગાય.

છેલ્લે રવજી ભગત,

"કરીએ ન કોઈની કુથલી, કરીએ ઈશની વાત ભલી,
કરીએ ન કોઈની નિંદા ઊડી, જાશે રાતની નિદ્રા"

ગાઈને સમાપન કરે

આ સર્વ ગીત, સંગીત, ભજનમાં અબ્દુલ તેના હારમોનિયમના સૂર મેળવી મધુર કંઠ સાથે તાલ મેળવી સર્વને રસ તરબોળ બનાવી દેતો. હારમોનિયમ ઉપર તેની લયબદ્ધ આંગળીઓ ત્વરાથી સરકતી જોઈ લોકો મુગ્ધ થઈ, 'વાહ, અબ્દુલ વાહ!' પોકારી ઊઠતા. વસતિનો આ એક નિયમિત કાર્યક્રમ રહેતો. નિત્યક્રમ બાદ સૌ એકબીજાને રામ-રહીમ કહી વિદાય લેતા. આમ વસતિમાં આનંદપ્રમોદનું વાતાવરણ રહેતું અને સૌ સુખી હતાં.

પરંતુ કહેવાય છે ને કે એક સરખા સુખના દિવસ કોઈના જતા નથી, શયતાનનો ડોળો હંમેશા ઘૂમતો રહે છે. કોઈનું સુખ તેને ખમાતું નથી. શયતાનનો ડોળો ઘૂમતો ઘૂમતો આ વસતિ ઉપર સ્થિર થયો, અને વસતિના સુખના કેન્દ્રબિંદુ સમાન રવજી ભગતનું ઘર અડફટે ચઢી ગયું.

આજે રજાનો દિવસ હોવાથી વસતિના બધા લોકો ઘેર હતા. અચાનક રવજી ભગતના ઘરમાં આગે દેખ દીધી. જોતજોતાંમાં આગે આખા ઘરને ભરડામાં લીધું. લોકો ઘરની બહાર દોડી આવ્યાં. આગને હોલવવા હાથમાં જે સાધન આવ્યું તે લઈ લોકો આગને હોલવવા લાગ્યા. રવજી ભગતનો પુત્ર ઘોડિયામાં સૂતો હતો, તે આગમાં ફસાઈ ગયો. રવજી ભગતની પત્ની રમીલા પોતાના પુત્રને બચાવવા બૂમો પાડતી બેબાકળી થઈ દોડાદોડ કરતી હતી. આગની અગનજ્વાળા ભીષણ હતી. કોઈ તેમાં જવાની હિંમત કરતું નહોતું. આખરે રમીલા એક કારમી ચીસ પાડી બહોશ થઈ જમીન પર ઢળી પડી.

રમીલાની કારમી ચીસ સાંભળતાં જ અબ્દુલ આગમાં કૂદી પડ્યો અને થોડી વારમાં જ બાળકને લઈને બહાર આવ્યો. સૌએ બાળકને ઊંચકી લીધું, પણ અબ્દુલ અલ્લાહને પ્યારો થઈ ઢળી પડ્યો.

સૌ ચોધાર આંસુએ રડી પડ્યાં. સૌના હૃદયમાં અબ્દુલનું અસહ્ય દુઃખ હતું. દુઃખ વ્યક્ત કરવા તેમની પાસે શબ્દો ન હતા, તેથી ફક્ત અશ્રુધારા મારફતે સૌ લાગણી વ્યક્ત કરતાં હતાં. આંસુઓની ભાષા લિપિ વિનાની હોય છે. વિશ્વનો કોઈ પણ

માનવી, ભણેલો કે અભણ તેને સારી રીતે વાંચી અને સમજી શકે છે. અબ્દુલ અને રવજી નગીનદાસ શેઠની મિલના જૂના અને આગળ પડતા વફાદાર કામદાર હતા. શેઠને તેમને માટે માન હતું. શેઠે જ્યારે આ કરુણાંતિકાના સમાચાર જાણ્યા ત્યારે તેમને સખત આઘાત અને દુઃખ થયાં. રવજી ભગત અને અમીનાબીબીને દિલાસો આપવા અને મદદ કરવા શેઠ દોડતા વસતિમાં આવી પહોંચ્યા. રવજી ભગત તો હતપ્રભ થઈ ગયા હતા. શેઠે આશ્વાસન આપી જે મદદ આપી તે સ્વીકારી શૂન્યમનસ્ક ચહેરે શેઠની સામે બે હાથ જોડી ઊભા રહી ગયા.

જ્યારે અમીના બીબીએ સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી હતી. તેણે પૂરી સ્વસ્થતાથી વિનમ્ર ભાવે શેઠને સલામ કરી અદબ સાથે જણાવ્યું: 'શેઠ સાહબ ! આપની મદદ માટે આપ સાહેબનો ઘણો જ આભાર. મૈં આપકી શુક્રગુજાર હું, લેકિન મદદ કી જરૂરત મેરે સે જ્યાદા રવજી ભગતકો હૈ. મૈંને તો અપના ખાવિંદ ખોયા, લેકિન રવજી ભગત કા તો સબ ખતમ હો ગયા. ઉસકે સર પર ન તો છપ્પર હૈ, ન ખાને કો ઘરમેં અન્ન. ઉસકી બહૂ રમીલા હોશહવસ ખો બૈઠી હૈ ઔર પાગલ સી હો ગઈ હૈ. રવજી ભગત ભી સૂધબૂધ ખો બેઠા હૈ. ઉસકે બચ્ચે ભૂખ સે તડપતે હૈ. મેં તો ખુદાતાલાકી રહેમ સે સલામત હું, મેરા મશીન ભી સલામત હૈ, ફિર મુઝે ફિક્ર કિસ બાતકી ? હાં ! મેરા ખાવિંદ ખુદા કા પ્યારા હો ગયા, ઈસકા અફસોસ મુજે જરૂર હૈ. લેકિન શેઠ સાહબ ! એક ન એક રોજ તો હમ સબકો ઈસી રાસ્તે પર જાના હૈ. કિસી કો પહેલે કિસીકો બાદમેં. ઉસકા રંજ ઔર ગમ ક્યોં? મેરે ખાવિંદને તો એક નેક કામ કર શહાદત લે લી હૈ ઔર વો જન્નતનશીન હો ગયા, ઉસકા મુઝે ગર્વ હૈ. શેઠ સાહબ ! આપ તો હમારે અન્નદાતા હૈ. હમને આપકા નમક ખાયા હૈ. ઇસલિએ આપકી મદદકા ઈન્કાર કરના મેરે લિએ નમકહરામ કહેલાયા જાએગા ઔર મેં પરવરદિગારકી ગુન્હાગાર હો સકતી હું. ઇસ લિયે આપકી યહ મદદ મુઝે કબૂલ હૈ લેકિન ઇસકો ભી મેરી તરફસે આપ રવજી ભગત કો સુપ્રત કરે ઐસી ઇસ નાચીઝ કી નમ્ર ગુજારીશ હૈ. '

નગીનદાસ શેઠ, અમીનાબીબીની આ નિસ્પૃહતા, દાનવીરતા અને ખુદ્દારીને નત મસ્તકે વધાવીને વિદાય થયા.

**- ઉમાકાન્ત મહેતા**

* * * * *

પ્રકાશિતઃ મમતા માસિક વર્ષ; ૨ અંક ૧
નવેમ્બર ૨૦૧૨ દિપોત્સવી અંક ૨ નવેમ્બર ૨૦૧૨

લેખકઃ ઉમાકાન્ત વિ. મહેતા.
૨૦,મીડો ડ્રાઈવ.
ટૉટૉવા એન જે (૦૭૫૧૨)
ન્યુ જર્સી (યુ. એસ. એ. )
ફોનઃ (૧) ૯૭૩ ૩૪૧ ૯૯૭૯
(૨) ૯૭૩ ૯૪૨ ૧૧૫૨
ઈ મેઈલ - mehtumknt@yhoo.com